માનનીય અધ્યક્ષ શ્રી

માનનીય રાજ્યપાલશ્રીજી ના સંબોધન પર હું મારા વિચારો રજુ કરું છું.

## ગુજરાત રાજ્ય નું ખાણ ખનીજ વિભાગ

- ચાલુ નાણાકીય વર્ષમાં જુના સંશોધન રીપોર્ટ્સ (ભૂસ્તરીય અહેવાલો) નું જીઓ- રેફેરેન્સીંગ અને ડીઝીટાઇઝેશન કરી તેને જીઆઈએસ સોફ્ટવેરના એક જ પ્લેટફોર્મ હેઠળ એકત્રીત કરવામાં આવ્યા જેથી ભવિષ્યમાં કરવામાં આવનાર સંશોધન યોજનાઓના આયોજન વધુ સરળતાથી અને સુમેળપુર્વક થઇ શકે.
- મહત્વની કહી શકાય તેવી ૦૮ ખનિજો (બોક્સાઇટ, લાઇમસ્ટોન, ગ્રેફાઇટ, ક્લે, મેંગેનીઝ, વોલાસ્ટોનાઇટ, લીગ્નાઇટ અને બેઝ મેટલ) માટે આગામી ૦૫ વર્ષમાં સંશોધન હાથ ધરવા માટે કુલ ૨૧૦ જેટલા બ્લોક્સ તૈયાર કરવામાં આવેલ છે.
- સારકામ કરતી વખતે પ્રાપ્ત થતાં કોર ની ભવિષ્યના અભ્યાસ માટે સાચવણી અને તેના કેમીકલ - ફીઝીકલ એનાલીસીસ માટે કોર લાઇબ્રેરી નિર્માણાધીન છે અને તે પેટે આર એન્ડ બી, પાટનગર વિભાગને કુલ રૂ. ૧૫ કરોડ સુપરત કરવામાં આવેલ છે. સાથોસાથ, ડેડીકેટેડ લેબ ફોર રેર અર્થ એલીમેન્ટ (આરઈઈ) નિર્માણ કાર્ય પણ કરવામાં આવશે.

- ❖ નેશનલ જીઓ-કેમીકલ મેપીંગ પ્રોજેક્ટ (એજીસીએમપી) અંતર્ગત ચાલતા ગુજરાત જીઓકેલીકલ મેપીંગ પ્રોજેક્ટ (જીજીસીએમપી) માં કચ્છ વિસ્તારમાં કેજીસીએમપી (કચ્છ જીઓ કેમીકલ મેપીંગ પ્રોજેક્ટ) અંતર્ગત અભ્યાસ કરાયેલ કુલ ૫૧ ટોપોશીટ પૈકી સેમ્પલ એનાલીસીસ કરીને ત્રી (ટોટલ રેર અર્થ એલિમેન્ટ) અને એલઈ ની અગત્યની ખનિજને રણ વિસ્તારમાંથી શોધી કાઢવામાં આવેલ અને કુલ ૩૪ ટોપોશીટનું અહેવાલ લેખન પુર્ણ કરાયેલ છે.
- ❖ નેશનલ મીનરલ એક્પ્લોરેશન ટ્રસ્ટ (એનએમઈતી) અંતર્ગત સંશોધન અંગેની કુલ ૧૬ પ્રપોઝલ રજુ કરવામાં આવેલ. જેમાંથી ૦૯ દરખાસ્ત મંજુર થઇ ગુજરાત રાજ્યને સંશોધન ખર્ચ અર્થે કુલ રૂ. એકવીસ કરોડ તેર લાખ ત્યાસી હાજર પાંચ સો બેતાલીસ (૨૧,૧૩,૮૩,૫૪૨/-)કરોડનું માતબર ભંડોળ ગ્રાન્ટ પેટે મંજુર કરવામાં આવેલ છે. અને ૦૪ દરખાસ્તની સૈધાંતીક મંજુરી થયેલ છે.
- ❖ ચાલુ વર્ષે ભારત સરકારના પાઇલોટ પ્રોજેક્ટ, લીઝના ઓક્શન પહેલા જરૂરી તમામ પરવાનગીઓ મેળવી લેવા પ્રોજેક્ટ મોનિટરીંગ યુનિટ હેઠળ પ્રી-એમ્બેડેડ ક્લીયરન્સ
- ❖ મેળવવા માટે મીનિસ્ટ્રી ઓફ માઇન્સ, દિલ્હી તા.૦૩/૦૬/૨૦૨૦ ના હુકમ મુજબ લાઇમસ્ટોન અને બોક્સાઇટના કુલ ૧૧ બ્લોક પસંદગી કરાયેલ છે. જે પૈકી છતર, કાલાવાડ, જામનગરના બ્લોકમાં ECમેળવવાની પ્રક્રીયા હાથ ધરી દેશમાં અગ્રેસર રહેલ છે.

- નામ. સુપ્રિમકોર્ટ દ્વારા ખનિજ સ્ત્રોતોની ફાળવણી યોગ્ય, પારદર્શક, સ્પર્ધાત્મક અને બિન ભેદભાવયુક્ત રીતે કરવા સુચવેલ છે. જે ધ્યાને લઇ કેન્દ્ર સરકાર દ્વારા મુખ્ય ખનિજ માટેના કાયદામાં તમામ ખનિજોને ફક્ત જાહેર હરાજીથી જ ફાળવવા માટે સુધારો કરેલ છે.
- ગુજરાત સરકાર દ્વારા પણ નામદાર સુપ્રિમકોર્ટના સૂચન અને કેન્દ્રનાં કાયદાને ધ્યાને લઇ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જે મુજબ તમામ ગૌણ ખનિજનો નિકાલ જાહેર હરાજીથી કરવાનો રહે છે.
- જાહેર હરાજીથી ખનિજોની ફાળવણી માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ ખનિજ સભર વિસ્તારમાં ખનિજ સંશોધન કરી, ડીગીપીએસ સર્વે કરાવી, સંશોધન કર્યા બાદ ભુસ્તરીય અહેવાલ (જીઆર) તૈયાર કરવાનાં આવે છે.
- આમ જાહેર હરાજી માટે વિસ્તાર અને તે વિસ્તારમાં ખનિજનો ઉપલબ્ધ જથ્થો પ્રસ્થાપિત થયેથી જાહેર હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.
- જાહેર હરાજી માટે સરકાર દ્વારા બહોળી પ્રસિધ્ધી ધરાવતા સમાચાર પત્રોમાં જાહેર હરાજી માટે ટેન્ડર દસ્તાવેજો ખરીદવાની જાહેરાત આપવામાં આવે છે.

❖ જાહેર હરાજી બે તબક્કાની પ્રક્રિયાથી કરવામાં આવે છે. સદર જાહેર હરાજીમાં મહત્તમ બોલી બોલનારને ઇરાદાપત્ર આપવામાં આવે છે.

❖ સદર ઇરાદાપત્રની તમામ બોલીઓ અને શરતો પરીપુર્ણ થયેથી મંજુરી હુકમ અને કરારખતની કાર્યવાહી કરી લીઝની ફાળવણી કરવામાં આવે છે.

❖ **<u>ગૌણ ખનિજની ઇ-હરાજીની સિધ્ધીઓ :</u>**

❖ આજદિન સુધી રાજ્યમાં ગૌણ ખનિજો માટે કુલ ત્રણ હજાર એક સો અઠાવીસ (૩૧૨૮) બ્લોક્સ જાહેર હરાજી માટે મૂકવામાં આવેલ છે. તે પૈકી એક હજાર નવ સો પંચોતેર (૧૯૭૫) બ્લોક્સની સફળતાપુર્વક હરાજી પૂર્ણ થયેલ છે અને એક હજાર છસો એકાવન (૧૬૫૧) બ્લોકધારકશ્રીઓને ઇરાદાપત્ર આપવામાં આવેલ છે.

❖ ઉપરોક્ત પૈકી ત્રણ સો પાસઠ (૩૬૫) બ્લોક્સ શિડ્યુલ વિસ્તારમાં જાહેર હરાજી દ્વારા ફાળવવામાં આવેલ છે. જેના દ્વારા શિડ્યુલ વિસ્તારમાં રોજગારી અને વિકાસની તક પ્રાપ્ત થશે. ઉપરોક્ત બ્લોક્સની હરાજી મારફતે રાજ્ય સરકારશ્રીને કુલ રૂ.એકતાલીસ કરોડ તેવીસ લાખ (૪૧.૨૩) કરોડની આવક થયેલ છે.

- આ ઉપરાંત રાજ્ય સરકારશ્રીને આગામી ૩૦ વર્ષમાં રોયલ્ટી પેટે કુલ રૂ.સાત સો બ્યાસી (૭૮૨) કરોડ અને રૂ.અગિયાર હજાર ચારસો છપન (૧૧૪૫૬) કરોડ રોયલ્ટી ઉપરાંત ઓક્શન પ્રિમિયમની આવક થનાર છે.
- અનુસૂચિત ક્ષેત્રમાં ક્વોરી લીઝની ફાળવણી માટેની વિશેષ જોગવાઈ જીએમએમસીઆર -૨૦૧૭ માં કરવામાં આવી છે.
- અનુસૂચિત વિસ્તારમાં અનુસૂચિત જનજાતિનાં વ્યક્તિ માટે પ્રથમ અનામત રાખવામાં આવેલ છે.
- આજ દિન સુધી અનુસૂચિત વિસ્તારમાં કુલ ૩૬૫ બ્લોક્સ ઇ-હરાજીમાં મુકેલ છે. જે પૈકી ૨૫૬ બ્લોક્સની સફળતાપુર્વક હરાજી થયેલ છે.